રાજભવન, ગાંધીનગર.
તા. ૨૬/૧૦/૨૦૧૫

**ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાતની કામગીરી દેશભરમાં શ્રેષ્ઠ છે**
**– રાજ્યપાલશ્રી**

**રાજયપાલશ્રીના હસ્તે રાજયની રેડક્રોસની શાખાઓને સુંદર કામગીરી માટે પુરસ્કારો અર્પણ કરાયા**

**ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાતની વાર્ષિક સાધારણ સભા યોજાઈ**

---

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ જણાવ્યું હતું કે માનવ સેવાથી મોટો કોઈ ધર્મ નથી જરૂરતમંદ – નિઃ સહાય પીડિતો માટે આ સેવાકાર્ય ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત જે સમર્પિત ભાવનાથી કરી રહી છે, તે સરાહનીય છે.

રાજયપાલશ્રી આજે રાજભવન ખાતે યોજાયેલ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાતની વાર્ષિક સાધારણ સભાને સંબોધન કરી રહયા હતા. આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલ પણ ઉપસ્થિત રહયા હતા.

તેમણે જણાવ્યું હતું કે ગુજરાત રેડક્રોસ સોસાયટીની પ્રવૃત્તિ દેશભરમાં શ્રેષ્ઠ છે. રાજયના સમાજ શ્રેષ્ઠીઓ – દાનવીરોએ આ સેવાભાવી પ્રવૃત્તિમાં તેમનું અમૂલ્ય યોગદાન આપ્યું છે. ગુજરાતમાં દાન અને સખાવતનો અનન્ય મહિમા રહયો છે અને ગુજરાતના લોકોનો સ્વભાવ છે કે સખાવતી પ્રવૃત્તિમાં સહયોગી બનવું. તેમણે રેડક્રોસની પ્રવૃત્તિઓને વેગવાન બનાવવામાં સહયોગ આપનાર દાનવીરો અને સખાવત કરનાર સામાજિક સંસ્થાઓનો અભિનંદન આપ્યા હતા.

આરોગ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે ગુજરાત હમેશાં માનવસેવના કાર્યોમાં અગ્રસર રહયું છે. ગુજરાત રેડક્રોસ સોસાયટી

દુઃખી–પીડિત તથા જરૂરતમંદ લોકોની સેવામાં સમર્પિત ભાવનાથી કાર્ય કરે છે જે પ્રેરણાદાયી છે. સંસ્થાને દાન કરનાર દાનવીરો અને સામાજિક સંસ્થાઓને સહયોગ આપવા માટે તેમણે અભિનંદન આપ્યા હતા.

ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર અને કેમિકલ્સ લિ. કંપનીના અધ્યક્ષ શ્રી એસ. કે. નંદાએ રાજયમાં ચાલતી રેડક્રોસની સેવાઓને બિરદાવી હતી.

આરોગ્ય કમિશ્નર શ્રી જે. પી. ગુપ્તાએ જણાવ્યું હતું કે સરકારના જન આરોગ્યના કાર્યક્રમમાં રેડક્રોસ સંસ્થાનો સહયોગ પ્રાપ્ત થાય છે. તેમણે સંસ્થાની પ્રવૃત્તિઓનો ઉત્તરોત્તર વિકાસ થાય તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

પ્રારંભમાં સંસ્થાના અધ્યક્ષા શ્રીમતી મધુબહેન નાયકે સ્વાગત પ્રવચન કર્યું હતું. જયારે ઉપપ્રમુખ શ્રી દીપકભાઈ નરોલાએ સંસ્થાના ૨૦૧૪–૧૫ના વાર્ષિક હિસાબો રજૂ કર્યા હતા, જે સર્વાનુમતે મંજૂર કરાયા હતા.

ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર અને કેમિકલ્સ લિ. કંપનીના અધ્યક્ષ શ્રી એસ. કે. નંદા, ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી એમ. એન. પટેલ તથા સમાજના અન્ય અગ્રણીઓ દ્વારા થેલેસેમિયા નિયંત્રણ કાર્યક્રમ હેઠળ પ્રશંસનીય કાર્ય માટે રાજયપાલશ્રીએ તેમને સન્માનિત કર્યા હતા. આ સિવાય અન્ય સામાજિક કોર્પોરેટ સંસ્થાઓ દ્વારા થેલેસેમિયા નિયંત્રણ કાર્યક્રમ માટે દાન આપવામાં આવ્યું હતું, તેવા દાતાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

રાજયપાલશ્રી દ્વારા રાજયની વિવિધ રેડક્રોસની શાખાઓને નોંધપાત્ર કામગીરી કરવા માટે પણ પુરસ્કૃત કરાઈ હતી. કોષાધ્યક્ષ શ્રી નવનીત તનેજાએ આભારવિધિ કરી હતી.

આ પ્રસંગે રાજયની રેડક્રોસ શાખાઓના પદાધિકારીઓ, કાર્યકર્તાઓ તથા અગ્રણી તબીબો ઉપસ્થિત રહયા હતા.

——————————

પ્રેસ સચિવ